# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 61 ■ પુસ્તકઃ ૧૯૭ ■ અંકઃ ૧૮૯ ■ આષાઢ વદ -30
■ વિક્રમ સંવત ૨૦૭૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 11 August 2018, Saturday ■ REGD.No. MCS/058/2018-20

શનિવાર, ૧૧ ઑગસ્ટ, ૨૦૧૮ (૧૨ + ૮ પાનાં વીકએન્ડ ) કિંમત ₹ ૭.૦૦


## નાલાસોપારામાંથી ૨૦ ક્રૂડ બૉમ્બ મળતા ફફડાટઃ આરડીએક્સ હોવાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્કવોડ (એટીએસ)ના ઓફિસરોએ નાલાસોપારાના ભંડારઆળી વિસ્તારમાં ગુરુવારે મોડી રાતે રેઇડ પાડી હતી અને નહિન્દુ ગૌવંશ રક્ષા સમિતિથના સભ્ય વૈભવ રાઉતના ઘરમાં તથા શૉપમાંથી ૨૦ ક્રૂડ બોમ્બ, ઇલેક્ટ્રોનિક ડિટોનેટર્સ, નપોઇઝનથ લેબલ ધરાવતી બે બોટલ સહિત બોમ્બ બનાવવા માટેની સામગ્રી તેમ જ અનેક દસ્તાવેજો જપ્ત કર્યા હતા. આ પ્રકરણે વૈભવ રાઉત સહિત ત્રણની ધરપકડ કરવામાં આવી હોઇ સુધારાવાદી નરેન્દ્ર દાભોલકર,

(જુઓ પાનું ૬) ▶▶

# ગુજરાતમાં સવર્ણોને લહાણીઃ વિદેશ અભ્યાસ માટે ₹ ૧૫ લાખની લોન

### બિનઅનામતો માટે ફૂડીબંધ યોજનાઓ જાહેર કરી હાર્દિક પટેલના આંદોલનની પાંખો કાપવાની નેમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષથી ચાલી રહેલા પાટીદાર અનામત આંદોલનથી વ્યાપક નુકસાન વેઠનારી ભાજપની સરકારે ગત વિધાનસભાની ચૂંટણી પહેલા બિનઅનામત વર્ગ કે સવર્ણો માટે અલગ આયોગની રચના સહિતની સમાધાનકારી યોજનાઓ અમલમાં મૂક્યા બાદ હવે જ્યારે પાસના નેતા હાર્દિક પટેલે આગામી ૨૬મી ઓગસ્ટથી આમરણાંત ઉપવાસનું એલાન આપ્યું છે ત્યારે ભાજપ સરકારે આજે શુક્રવારે બિનઅનામત વર્ગની ૫૦થી વધુ જ્ઞાતિઓ માટે જુદી જુદી પાંચ યોજનાઓની જાહેરાત કરી છે. નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે આ અંગેની

(જુઓ પાનું ૬) ▶▶

## અડધું કેરળ પૂરનાં પાણીમાં ડૂબ્યું

### મરણાંક ૨૯: લશ્કરને બોલાવાયુંઃ ૫૪,૦૦૦ બેઘર

*તિરુવનંતપુરમઃ* કેરળમાં પડેલા ભારે વરસાદથી વિકટ પરિસ્થિતિ ઊભી થતાં ઇડુક્કી અને તેને અડીને આવેલા વિસ્તારોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. ઇડુક્કી બંધમાંથી વધુ પાણી છોડવામાં આવે તેવી શક્યતા જોતાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. ઘણાં સ્થળે રસ્તા ધસી પડયા પછી પર્યટકોને પ્રવેશવાની મનાઈ કરવામાં આવી છે. અત્યારે અડધા કેરળ રાજ્ય પર પૂરનાં પાણી ફરી વળ્યાં છે. વરસાદી આફતે અત્યાર સુધીમાં ૨૯ જણનાં જીવ લીધા છે અને ૫૪,૦૦૦ લોકો બેઘર થયા છે. કેરળમાં નૌકાદળે તેના ઑપરેશન મદદના ભાગરૂપે કાલપેટા, વાયનાડ અને પાનમારુમ ખાતેથી ઓછામાં ઓછા પંચાવન જણને બચાવ્યા છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે પૂરગ્રસ્ત કેરળના બનતી બધી મદદ કરવાની બાંયધરી આપી હતી.

રાજ્યના ઉત્તર જિલ્લાઓમાં ગુરુવાર રાતથી લશ્કરી દળની પાંચ ટુકડી તહેનાત કરવામાં આવી છે. વાયાનંદ અને કોઝીકોડેના જુદા જુદા સ્થળોએથી

(જુઓ પાનું ૬) ▶▶

## અર્થતંત્ર ધમધમ્યુંઃ ઔદ્યોગિક ઉત્પાદનનો દર પાંચ મહિનાની ટોચે

નવી દિલ્હીઃ ઔદ્યોગિક ઉત્પાદનમાં જૂન માસમાં ૭ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. જે પાંચ મહિનાની સૌથી ઊંચો વૃદ્ધિદર છે.માઈનિંગ, મેન્યુફેકચરિંગ અને ઊર્જા ઉત્પાદનમાં સારી વૃદ્ધિના કારણે આ શક્ય બન્યું છે. સેન્ટ્રલ સ્ટેસ્ટીક ઓફિસના (સીએસઓ) આંકડા પ્રમાણે એપ્રિલ-જૂન દરમિયાન એકત્રિત વૃદ્ધિ ૫.૨ ટકાની થઈ છે. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન

(જુઓ પાનું ૬) ▶▶

## દિલ્હીમાં બીજા ધોરણની વિદ્યાર્થિની પર બળાત્કાર

*નવી દિલ્હીઃ* ગોલે માર્કેટમાં આવેલી નવી દિલ્હી મ્યુનિસિપલ સ્કૂલની બીજા ધોરણની વિદ્યાર્થિની પર સ્કૂલના પ્રાંગણમાં એક ઇલેક્ટ્રિશયને કથિત બળાત્કાર કર્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું. વિદ્યાર્થિની બુધવારે સ્કૂલમાંથી બહાર જઈ રહી હતી તેવામાં આરોપી(૩૭) રામ અસરે તેને સ્કૂલના પ્રાંગણના પમ્પ રૂમમાં લઈ ગયો હતો અને તેના પર જબરદસ્તી કરી હતી. તેણે છોકરીને એ વાત કોઈને જણાવશે તો ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી. ઘરે પહોંચતાં તેની માતાએ પુત્રીના ગુપ્તાંગમાંથી લોહી વહેતું જોતાં તેને હૉસ્પિટલમાં લઈ જવામાં

(જુઓ પાનું ૬) ▶▶










INHEAD.NET